સુન્નીઓની

નમાઝ

ગુજરાતીમાં

અર્થ, ભેદ, ફાયદા, કાનુનો, તાકીદ વગેરે ટુંક સમજણ સાથે.

મુંબઈ.

હીજરી સને–ઇસ્વીસન

૧૩૧૯ ૧૯૦૨

પ્રગટ કરનાર:

નુરમહમંદ રજબઅલી મરચંટ.

કીમત ૩ ૦।

"દેશી મિત્ર" પ્રેસ, સુરત.

ગુલશન

[ચિત્રો અને સુંદર ભેટ સાથનું માસિક ચોપાનિયું.]

સપ્ટેંબર ૧૯૦૧થી દર માસની પહેલી તારીખે આ માસિક ચોપાન્યું સુંદર છપાઇ અને સફાઇદાર કાગળ સાથનું બહાર પડે છે. અંદર દર માસે "ઇસ્લામી આગેવાનો" આ મથાળા નીચે અકેક મુસલમીન નર રત્નનું સુંદર ચિત્ર સાથનું ચરિત્ર આપવામાં આવે છે. વધુ વિગત પછવાડેના પાના ઉપરના 'ગુલશન'નાં દર માસનાં સાંકળિયા ઉપરથી એમાં આપવામાં આવતા વિષયોની મળશે. આવા ચોપાન્યાની કીમત વર્ષની ફક્ત રૂ ૧ છે. મુંબઈ સિવાય બહાર ગામનાઓ માટે પોસ્ટેજ ચાર આના વધુ. ગ્રાહક થનારાઓએ કૃપા કરી નીચેના સરનામે પોતાના નામઠામ વગેરે મોકલી આપવા.

'ગુલશન' માસિકના અધિપતિ જોગ
નં૦ ૧૧ પેડર રોડ મલબારહિલ પોસ્ટ મુંબઇ.

ઇબાદતમેં, મઅબુદકી મએં રહું;
કીસી ઔર, જાનીબ ન મશગુલ હું.

કરૂં સીજદએ હક, બે ઇજજો નયાઝ;
પડહું વક્ત પર પંજાગાના નમાઝ.

જો હો બા શ રાયત, યેહ વાજીબ અદા,
તો ખુશનુદહો મુજસે, મેરા ખુદા.

યેહ મશહુર હય, કવલે શાહે હીજાઝ;
સીતું, દીનકા હય તુમ્હારી નમાઝ.

હય લાઝીમ, નમાઝોંકો કામીલ કરે;
રીયાકો, ન, નીય્યતમેં, શામીલ કરેં.

ખુદાકા, યેહ કયા લુત્ફ હય બેહીસાબ;
હય વાજીબપે, દેતા હજારો સવાબ.

યેહ વાજીબ, વોહ હય, જીસસે ઇમાન હય;
નિશાનીયે દીને, મુસલમાન હય.

હય અફઆલે બદસે બચાતી નમાઝ;
ગુનાહોંકો હય, બખ્શવાતી નમાઝ.

નમાઝોંસે હોતી હય હાજત રવા;
ગુનાહોંકે મરઝોંકી હય, યેહ દવા.

નમાઝી, ન કીસતરાહ, હો સરફ્રાઝ;
કે મેઅરાજે, મોમીન હય, બેશક નમાઝ.

નમાઝીકી ખાતીર, બના હય બેહીસ્ત;
નમાઝીકી ઉકબામે જા હય બેહીસ્ત.

નમાઝી હય રબ્બે જહાંકા હબીબ;
નમાઝી સે હય, રહમતે હક કરીબ.

શહે મુરસલાં હય નમાઝીકે દોસ્ત;
ઇમામાને દીં હય, નમાઝીકે દોસ્ત.

હદીસોમે મનકુલ હય મેરી જાં;
નમાઝ અએસી હય, જયસે નહરે રવાં.

અગર રાત દીનમેં કોઇ દીનદાર;
કરે ગુસલ ઉસ નહરમેં પાંચ બાર.

કસાફત રહેગી ન તન પર ઝરા;
બદન સાફ, હો જાયગા ચાંદસા.

ઇસિ તરહસે પંજગાનાહ નમાઝ;
બજા લાયગા જો; બઇજ્જે નયાઝ.

યેહ ઉસ શખ્સ પર, હોગા ફઝલે ઇલાહ;
કે હો જાએંગે અફ્વ સારે ગુનાહ.

સુન્નીઓની

નમાઝ

ગુજરાતીમાં

અર્થ, ભેદ, કાયદા, કાનુનો, તાકીદ વગેરે ટુંક
સમજણ સાથે.

" નમાઝોંસે હોતી હય હાજત રવા;
ગુનાહોંકે મરઝોંકી હય, યેહ દવા. "

પ્રગટ કરનાર:
નુરમહંમદ રજબઅલી મરચંટ

મુંબઈ
હીજરી સને ૧૩૧૯. ઇસ્વીસન ૧૯૦૨.

કીમત રૂ ૦ા

સુરત, " દેશી મિત્ર " પ્રેસ.

આ કિતાબ નીચે લખેલે ઠેકાણેથી ૩ ૦ાની કીમતે મલશે. બહારગામનાઓએ પોસ્ટની અર્ધા આનાવાળી ટીકીટો કીમત અને પોસ્ટેજ જેટલી મોકલવી યા વી. પી. થી મંગાવવી.

મી૦ નુરમહંમદ રજબઅલી મરચંટ

નં૦ ૧૩ માંડવી પોસ્ટ ખોજા મહોલો.

મુંબઈ.

દિબાચો.

બિસમિલ્લાહ હિર રહમા_નિર રહિમ.

ગુજરાતી ભાષા જાણનારા અને ઉર્દુથી અજ્ઞાન આપણા સુન્ની મુસલમીન ભાઇઓ માટે નમાઝની ટુંકામાં પણ જરૂરીઆતની દરેક સમજણ અને સુચનાઓ સાથની કિતાબ માટે ઘણા તરફથી માંગણીઓ થવાથી, આ ન્હાની કિતાબ બહાર પાડવાની મેં કોશેશ કરી છે.

અગર આપણા ભાઇઓ તરફથી આ કિતાબને સારૂં ઉત્તેજન મળશે, અને અગર આ ન્હાની કિતાબ તેઓને ઉપયોગી તથા નમાઝ પડાવવાની પહેલ કરનારી થઈ પડશે, તો હું મારી મહેનત પુરેપુરી સફળ થયલી ધારી ખુશી થઇશ.

આ મારી પહેલી કોશેશ હોવાથી કંઇ પણ ભુલચૂક રહી ગઇ હોય તો તે વાંચનારે મોટું દિલ કરી દરગુજર કરવી. અથવા તે ભુલથી મને જાણીતો કરશે તો ઇનશાઅલ્લાહ બીજી આવૃત્તીમાં હું તે સુધારીશ.

બીજું મને અહીંયાં જણાવવું જોઇએ કે આ કિતાબમાં જોઇતો કેટલોક તરજુમો જે મને પ્રોફેસર મોહમ્મદ એસફાનીના કલામે શરીફ ના ગુજરાતી ભાષાંત્તરમાંથી મળી આવ્યો છે, અને જે સરળ શુધ્ધ હોવા થી મેં આ કિતાબમાં રાખ્યો છે. જેથી હું એવણનો અતિ ઘણો આભારી છું.

એ કિતાબ સંબંધી જે જે લાયક સ્નેહીઓએ મને હામ હામ મદદ કરી મારા આ કામને આસાન કરી આપ્યું છે, તેઓનો ખરેખર હું આભારી થયો છું.

હીજરી ૧૩૧૯ રમઝાન ૯૬
ઇસ્વી તા. ૧૨ જાન્યુઆરી ૧૯૦૨.
ના. ૧૩. ખોજા મહોલો માડવી, મુંબઇ.

નુ. ર. મરચંટ.

સાંકળિયું

નમાઝ

તેના

કાયદા, કાનુનો, તાકીદ, અર્થ, ભેદ વગેરે ટુંક સમજણુ સાથે

બિસમિલ્લા હિર રહમાનિર રહિમ.

મુસલામી દીન (ઇમાન) મુખ્ય કરી પહેલી આ બે બાબતોથી શરૂ થાય છે. એક તો "અલ્લાહ સિવાય બીજો કોઇ ખુદા નથી—" અને બીજું " **હ. મોહંમદ સ૦ તેના રસુલ છે.** " આ ઇમાન દરરોજ નિયમિત અથવા અનિયમિત રીતે સઘળા ભલા ઇમાનદાર મુસલમીનો પોતાની બંદગીથી જાહેર કરે છે, અને પરધર્મીઓ તથા પરદેશીઓ ઉપર તેઓની આ પ્રાર્થનાનો દેખાવ તેની ગંભીરાઇ અને દબદબાથી અજબ અને દિલભેદક છાપ પાડે છે, જે માટે તેવાઓના પોતાના જાહેર કરેલાં વિચારોજ પૂરતાં છે.

નમાઝ ઇસ્લામના જે પાંચ સ્થંભો છે, તેમાંનું બીજું સ્થંભ છે. એક ભલા ઇમાનદાર મુસલમાને દહાડામાં પાંચ વાર અલ્લાહની તારીફ અને નમાઝ અદા કરવી જોઇએ. આ માટે નેમી આપેલા કેટલાક કાનુનો છે, કે જે મુજબ બંદગી કરી શકાય છે. વળી દરેક ઇસ્લામી

ધર્મ પાળનાર મુસલમાન ઉપર ચાર મોટી ફરજો અદા કરવાની હોય છે—નમાઝ, જકાત, રોઝા, અને હજ્જ; કે જે ટુંકમાં કહીએ તો "દીન" અથવા ઇમાની નીતિ અને ક્રીયાના કાયદા છે. દરેક મુસલમાનને દહાડામાં પાંચ વાર કા'બા (મક્કા) તરફ મ્હોં કરી ઘટતી ક્રીયાઓ સાથે પોતાની નમાઝ ગુજારવી જોઇએ. ઇસ્લામનાં સ્થંભો માંહેનો એક સ્થંભ નમાઝ હોવાથી જણાવવામાં આવે છે કે, રોઝા ઇસ્લામી દીનનો દરવાજો, અને ઇમાનનો ચોથો ભાગ છે, જ્યારે નમાઝ એ જન્નતની ચાવી તેમજ અડધા ઇમાન સમાન છે. તેવીજ રીતે નમાઝની ચાવી વઝુ ગણાય છે. અસ્વચ્છ અને ગંદા બંદગી કરનારની કોઇ પણ બંદગી કબુલવામાં આવશે નહિ. માટે વઝુ ઉપર લક્ષ આપવું અવશ્યનું છે.

વળી જાણવું અને સમજવું અગત્યનું છે કે, દરરોજની પાંચ વાર પડવાની નમાઝ લાંબી કલાકોની પ્રાર્થના જેવી ન હોતાં, બહુ ટુંકી બંદગી છે. અને બીજા મઝહબો સમાન ઇસ્લામી બંદગીમાં બંદગી કરતી વખતે કોઇ પણ જાતના ખરચો કરવાની કશી અગત્ય ન હોવાથી તે કોઇ પણ રીતે ખરચાળુ નથી. શર્ત માત્ર એટલીજ છે કે બંદગી અરબ્બી ભાષામાં નેમી આપેલા કાયદા કાનુનો મુજબ ઠેરવેલા વખતે શાંત મનથી બજાવવામાં આવે. આ તો એક જાણીતી વાત છે કે કોઈ પણ જાતની બંદગી વગરનું જીવતર નકામું. શા કારણોથી બંદગી વગરનું જીવતર નકામું તે માટે આપણે પહેલાં બંદગી કે જેને ફારસીમાં નમાઝ અને અરબ્બીમાં સલાત કહે છે, એ શું તે તપાસીશું.

"બંદગી એટલે અલ્લાહની દરબારમાં વિનંતી કરવી તથા તેના અણહદ માયાળુપણા અને ઉદારતાવાળા સ્વભાવને લીધે આપણી ઇચ્છાઓ પુરી પાડવા તેની પાસે માંગણી કરવી તે."

હવે દરેક ઇનસાનને જાણવું જોઇએ, કે જે કોઈ નસીબવાન માણસના હાથમાં બંદગીની ચાવી આવે છે, તેને માટે બેશક પાક કલામે શરીફના ફરમાન મુજબઃ—" તમે મ્હારી બંદગી કરો તો હું તમારી

દુઆ કબુલ કરીશ—” તેમ બંદગી કબુલ થવાના બારણા ખુલી જાય છે. મશહુર મસનવીના કર્તા મોલવી જલાલુદીન રૂમી. પોતાના તે અમર શએરોમાં કહે છે કે:

“ અરે, ભાઇ ! જો તારી એમ ઇચ્છા હોય કે આફતમાંથી જાન બચાવવો, તો તારે નમ્રતાથી બંદગી કરવી, અને અલ્લાહની દરગાહમાં વિલાપ કરવો, તેથી તને એવો આનંદ થશે કે તે દર્શાવવા મ્હોડાની પણ જરૂર નહિ પડે. કારણ નમનતાઇવાળી બંદગીની અલ્લાહ પાસે બહુ કદર છે, અને ત્યાં વિલાપની જેટલી કીમત છે, તેટલી બીજે કયાં છે ? ”

અને આ સઉ શાથી ! એક ભલા મનની બંદગી–નમાઝથી.

બંદગી સંબંધ આમ બે બોલ બોલીને હવે પ્રિય વાંચકે નમાઝની તાકીદ માટે કલામે શરીફમાં અલ્લાહ પાકે ઠામ ઠામ શું ફરમાવ્યું છે તે માટે નીચે થોડી ચુંટી કાઢેલી આયતો વાંચવાની મહેનત ખેંચવી.

> “ હે માણુસો તમે તમારા પરવરદેગારની બંદગી કરો, કે જેણે તમને અને જેઓ તમારી પહેલાં હતાં. તેઓને પેદા કર્યા છે. કે કદાચ તમે પરહેજગાર થાઓ.
>
> ખરેખર અલ્લાહ મારો પરવરદેગાર અને તમારો પરવરદેગાર છે, માટે તેની બંદગી કરો; આ સીધો રસ્તો છે.
>
> અને ખુદાએ કહ્યું કે ખરેખર હું તમારી સાથે છું, જો તમો નમાઝ પઢો હું પ્રાર્થના કરનારની દુઆ કબુલ કરૂં છું, જ્યારે તે મારી પ્રાર્થના કરે છે; માટે તેઓએ મારી પાસે દુઆ માંગવી જોઈએ, અને મારી ઉપર ઇમાન લાવવું જોઇએ. કે કદાચ તેઓ ખરે રસ્તે દોરવાય.
>
> અને જેઓ કેતાબને મજબુત વળગી રહે છે, અને નમાઝ પઢે છે, ખરેખર અમે પોતાના કામને સુધારનારનો બદલો વ્યર્થ કરીશું નહિ. મોમેનો માત્ર તેઓ છે, કે જ્યારે ખુદાનું નામ લેવાય છે, ત્યારે તે

ઓનાં અંતઃકરણ ડરે છે; અને જ્યારે તેની આયતો તેમની પાસે વાં-ચવામાં આવે છે, ત્યારે તે તેઓના ઇમાનનો વધારો કરે છે. અને તેઓ પોતાના પરવરદેગાર ઉપર આધાર રાખે છે (અને મોમેનો તેઓજ છે) કે જેઓ નમાઝ પઢે છે, અને અમે તેઓને રોજી આપી છે, તેમાંથી ખૈરાત કરે છે. તેઓજ ખરેખર સાચા મોમેનો છે. તેમને માટે તેઓના પરવરદેગાર પાસે દરજ્જા, અને માફી, અને પુષ્કળ રોજી છે.

હે મારા લોકો, ખુદાની બંદગી કરો. તમારે માટે તેના સીવાય, બીજો કોઇ ખુદા નથી. તેણે તમને જમીનમાંથી પેદા કર્યાં, અને તેમા જ તમને લાંબું આયુષ્ય આપ્યું, માટે તમે તેની પાસે માફી માંગો પછી તેના તરફ પશ્ચાતાપ કરતા ફરો. ખરેખર મારો પરવરદેગાર નજદીક (અને) જવાબ આપનાર છે

જે આકાશો અને પૃથ્વીમાં છે, તે ખુશી અને નાખુશીથી ખુદાનો સિજદો કરે છે. અને તેઓનો પડછાયો પણ સવારે અને સાંજે સિજદો કરે છે.

અને તારા પરવરદેગારની બંદગી કર જ્યાં સુધી કે તને મોત આવે. હે પરવરદેગાર મને કાયમ નમાઝ પઢનાર બનાવ, અને તેમજ મારા છોકરાંઓને પણ; હે અમારા પરવરદેગાર, અને મારી દુઆ કબુલ કર.

માટે તારા પરવરદેગારની પવિત્રતાનાં વખાણ કરી, તેને યાદ કર; અને સિજદો કરનારાઓમાંનો થા.

......તેની બંદગી કરવી તેજ હમેશા વાજેબ છે; ત્યારે શું તમો ખુદા સીવાય બીજાથી ડરો છો ?

કહે મારો પરવરદેગાર તમારૂં શું વજન રાખે જો તે તમારી બંદગી ને લીધે ન હોય તો ?

અને નમાઝ અદા કર, નમાઝ દુષ્ટતા અને પાપથી અટકાવે છે; અને ખુદાને યાદ કરવું એ ઉત્તમ વાત છે. અને ખુદા જે તમો કરો છો

તે જાણે છે.

હે મારા બંદાઓ કે જેઓ ઇમાન લાવ્યા છે, ખરેખર મારી જમીન વીશાળ છે, માટે મારી બંદગી કરો. માટે તેઓજ અમારી આયત ઉપર ઈમાન લાવે છે, કે જેઓ જ્યારે તે વડે તેઓને શિખામણ દેવામાં આવે છે, ત્યારે મ્હોંભર પડી સિજદો કરનાર છે, અને પોતાના પરવરદેગારના વખાણ કરી તેની પવિત્રતા યાદ કરે છે, અને તેઓ મગરૂરી કરતા નથી

જેઓ પોતાના પરવરદેગારથી ડરે છે, તેઓની ચામડી તેનાથી ધ્રુજે છે. પછી તેઓની ચામડી અને તેઓનું અંતઃકરણ ખુદાને યાદ કરવાથી નરમ પડી શાંત થાય છે.

અને તમે તમારા પરવરદેગાર તરફ બંદગીથી ફરો, અને તમે તમારા ઉપર શિક્ષા આવે તે અગાઉથી તેને આધીન થાઓ; પછી તમને મદદ કરવામાં આવશે નહિં.

માટે ખુદા વાસ્તે ધર્મ પાક કરી તેની બંદગી કરો, અગર જો કે કાફેરો તેથી નારાજ હોય.

મ્હારી બંદગી કરો, હું તમારી બંદગી સ્વીકારીશ. ખરેખર જેઓ અમારી બંદગીથી અભિમાન કરે છે, (એટલે બંદગી કરતા નથી) તેઓ જલદી દોજખમાં હલકાઇ પામી દાખલ થશે.
અને જે કોઇ દયાવંત ખુદાને યાદ કરવાથી આંખો બંધ કરે છે, તેને માટે અમે એક સેતાન મુકરરર કરીશું, કે જે તેનો હમેશનો સાથી હોય.

......તું તેમને જોશે કે તેઓ રૂકુ કરનાર (અને) સિજદો કરનાર છે, તેઓ ખુદા તરફથી વધારે કૃપા અને તેની ખુશી મેળવવા માંગે છે. તેઓનાં ચિન્હો તેઓના મુખ ઉપર સિજદાની નીશાનીઓને લીધે છે. હે મોમેનો, તમારી માલ મીલકત અને તેમજ તમારાં છોકરાંઓએ ખુદાને યાદ કરવામાંથી તમને રોકવા જોઇએ નહીં; અને જે આમ કરે છે, તે તેઓજ છે, કે જે નુકસાન ખમનારાં છે."

અને જે કોઈ પોતાના પરવરદેગારને યાદ કરવામાંથી મ્હોં ફેરવે-તેને તે અતિશય સખત સજામાં દાખલ કરશે."
(તેઓ તેમને પુછશે) કઇ ચીજે તમને દોજખમાં દાખલ કર્યા.? તેઓ કહેશે કે અમે નમાઝ પઢનારાઓમાંના નહોતા."
"ત્યારે તારા પરવરદેગારનાં વખાણ કરી તેની પવિત્રતા યાદ કર; અને તેની પાસે માફી માંગ; ખરેખર તે પશ્ચાતાપ સ્વિકારનાર છે."
"અને તારા પરવરદેગારને તારા અંતઃકરણમાં નમ્રતા પુર્વક અને ડર સહીત યાદ કર. અને ધીરે સ્વરે શબ્દોથી તેની સવાર અને સાંજ બંદગી કર. અને ગાફેલ રહેનારાઓમાંનો થા નહીં.

સુર્ય માથા ઉપરથી નમે ત્યારથી તે રાતના અંધારા સુધી નમાઝ પઢ, અને તેમજ ફજરની નમાઝ પણ; ખરેખર ફજરની નમાઝ (ફિરસ્તાઓથી) જોવામાં આવે છે.

અને રાતનો કંઇ ભાગ જાગતો રહી તારે માટે ફર્ઝ ઉપરાંત વધારાની નમાઝ પઢ, કદાચ તારો પરવરદેગાર તને માનવંતી જગ્યામાં રાખે."

......ખરેખર નમાઝ મોમેનો ઉપર ચોકકસ વખતે પઢવા વાજેબ થયલી છે.

પછી ઢોંગથી નમાઝ પઢનારા ઉપર સખત શિક્ષા.

......જાણો ખુદાને યાદ કરવાથી અંતઃકરણોને શાન્તિ થાય છે.
"અને જ્યારે તેઓ નમાઝ પઢવા ઉભા થાય છે, ત્યારે તેઓ સુસ્ત ઉભા રહે છે, તેઓ માત્ર માણસોને દેખાડે છે અને તેઓ જુજ સીવાય ખુદાને યાદ કરતા નથી. તેઓ આ બે વચ્ચે ડચુપચુ છે; નહી આ લોકો તરફ અને નહી આ લોકો તરફ

(કુટુંબની) સંખ્યાની ગણતરીએ તમને મશગુલ રાખ્યા એટલે સુધી કે તમે કબરસ્તાનમાં આવ્યા. નહી (તમારે તમારો વખત એમ ખોવો નહી જોઈએ). તમે જલદીથી (તમારી ભુલ) જાણશો. પછી બેશક તમે જલદીથી જાણશો. નહી (તેમ નહીં કરવું જોઇએ). જો તમે (તમારા ભવિષ્યની સ્થિતિ) ખાતરી પુર્વક જાણો, (તો તમે

આમ કરશો નહી). તમે ખચિત દોજખ જોશો. પછી તમે બેશક ખાતરીબંધ આંખથી તે જોશો. પછી નક્કી તમને તે દીવસે આ જીંદગીની નેઅમતો વિષે પુછવામાં આવશે."

નમાઝમાં પઢાતી દુઆઓ, સુરાઓ, તથા આયતો વગેરે.

૧. સુરે ફાતેહાઃ—

બિસ મિલ્લા હીર રહમા નીર રહિમ.

અલ-હમદો લિલ્લાહે, રબ્બિલ આલમીન. અરરહમા-નીર રહીમ માલિકે યવ મિદ્દીન ઇય્યાકા નઅબોદો, વ ઇય્યાકા નસતઈન; એહદેનસ સેરાતલ મુસતકીમા, સેરાતલ લઝીના અનઅમતા અલયહીમ ઘયરીલ મઘદુબે અલયહીમ વલદ દવા...લ્લી...ન.

"વખાણ ખાસ ખુદાનાજ છે, જે સઘળી આલમનો પરવરદેગાર છે. કૃપાળુ (અને) દયાળુ છે. કયામતના દિવસનો માલેક છે. તારીજ અમે બંદગી કરીએ છીએ, અને તારીજ અમે મદદ માંગીએ છીએ. તું અમને સીધો રસ્તો બતાવ, કે જે તે ઓનો રસ્તો છે કે જેઓના ઉપર તેં મહેરબાની કરી છે. પણ તેઓનો રસ્તો (બતાવ) નહિ કે જેઓના ઉપર તારો કોપ થયો છે. અને તેઓનો રસ્તો (પણ) નહીં કે જેઓ આડે રસ્તે ગયા છે."

૨. સુરતુલ એખલાસઃ—

બિસ મિલ્લા હીર રહમા નીર રહિમ.

કુલ હો વલ્લાહો અહદ. અલ્લાહુસ સમદ. લમયલીદ વલમ યુલદ, વલમ ય કુલ્લહુ, કોફોવન અહદ.

"કહે કે તે અલ્લાહ એકજ છે. તે સ્વતંત્ર, નિરંતર રહેનાર અલ્લાહ છે. તેણે કદી જન્મ આપ્યો નથી, અને તેને કોઇએ જન્મ આપ્યો નથી. અને તેની સમાન બીજો કોઇ નથી."

૩. સુરતુન નાસઃ—

બિસમિલ્લા હીર રહમા નીર રહિમ.

કુલ–અઊઝો બે રબ્બીન્નાસે, મલેકીન્નાસે, ઇલાહીન્નાસે, મીન શર્રીલ વસવાસિલ ખન્નાસ. અલ્લઝી યો વસ–વેસો ફી સુદુરીન્નાસે, મિનલ જીન્નતે વન્નાસ.

"કહે કે હું માણસોના પરવરદેગારનું શરણું લઉં છું. (કે જે) માણસોને પાદશાહ, માણસોને મઅબુદ છે. (કે તે) વસવસો કરનાર, ગુપ્ત રહેનાર (શેતાન)ની દુષ્ટતામાંથી (મને બચાવે.)"

૪. અત્તહિયાતો, લિલ્લાહે, વસ્સલવાતો, વત તેયેબાતો, અસ્સલામો અલયકા અઇયો હન નબીયો વરહમતુલ્લાહે, વબરકાતોહ. અસ્સલામો અલયના વઅલા એબાદિલ્લા હિસ્સાલેહીન. અશહદો અલ્લાએલાહાઇલ–લલ્લાહો, વઅશહદો અન્ન મોહમ્મદન અબદહુ વરસુલુહ.

"બધી પ્રાર્થનાઓ (જીભની, શરીરની, તથા સારાં કામોની) તે ખુદા માટે છે. સલામ તમારાપર અય નબી, તથા તમારાપર ખુદાની રહમત, તથા તેની બરકત. સલામ અમારાપર, તથા જેઓ ખુદાના નેક બંદા છે તેઓપર. હું કબુલ કરૂં છું કે અલ્લાહ સીવાય બીજો કોઇ ખુદા નથી; તથા હું ગવાહી આપું છું કે મોહમ્મદ તેના બંદા તથા નબી (રસુલ) છે."

૫. અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહમ્મદીંવ, વઅલા આલે મોહમ્મદીન કમા સલ-લયતા, અલા ઈબ્રાહિમા, વ અલાઆલે ઇબ્રાહિમા, ઈન્નકા હમીદુમ મજીદ.

"અય ખુદા તું તારી ખાસ રહેમતો મોહમ્મદપર, તથા તેની ઉમતપર મોકલ. જેવી રીતે તેં તારી ખાસ રહેમતો ઇબ્રાહિમ તથા તેની ઉમતપર મોકલી. ખરેખર તુંજ તારીફ લાયક પાક છે."

૬. અલ્લા હુમ્મા બારિક અલા મોહમ્મદીંવ વઅલા આલેમોહમ્મદીન, કમા બારકતા, અલા ઈબ્રાહિમા, વ અલા આલે ઇબ્રાહિમા ઇન્નકા હમીદુમ મજીદ.

"અય ખુદા તું બરકત મોકલ મોહમ્મદપર, તથા તેની ઉમ્મતપર, જેવી રીતે તેં બરકત મોકલી ઇબ્રાહિમપર તથા તેની ઉમ્મતપર. ખરેખર તુંજ તારીફ લાયક પાક છે."

૭. અલ્લા હુમ્મગ ફિર્લી વલેવાલે દૈયા, વલેમન તવાલદા, વલે જમીઈલ મોમેનીના, વલ મોમેનાત; વલ મુસલેમીના, વલ મુસલેમાત. બે રહમતેકા યા અર હમર રાહેમીન.

"અય ખુદા તું માફી બક્ષ મને, તથા મારા માબાપોને; જેઓએ મને જન્મ આપ્યો તેઓપર તું દયા કર; તથા બધાં * મોમીન પુરૂષો, તથા મોમીન સ્ત્રીઓને (માફી બક્ષ), તથા મુસલમીન મરદો તથા મુસલમીન ઓરતોને; તારી મહેરબાનીથી ઓ ઘણી રહેમ (દયા) કરનારા!"

---

* જેઓ ઇમાન લાવ્યા છે તેઓ.

૮. અલ્લાહુમ્મા ઇન્ના નસતઇનોકા, વ નસતગફેરોકા, વનોામેનોબેકા, વ નતવકકલો, અલયકા, વનુસની, અલયકલ ખયર. વનશકોરોકા, વલા નકફોરોકા, વ નખલઓ, વ નતરોકો મૈ યફજોરોકા; અલ્લા હુમ્મા ઇય્યાકા નઅબોદો, વલકા નોસલ્લી, વ નસજોદો, વ ઈલયકા નસઆ, વ નહફેદો, વ નરજુ, રહમતકા, વ નખશા અઝાબકા, ઇન્ન અઝાબકા બિલ કુફ્-ફ્ફારે મુલહિક.

"અય પરવરદેગાર અમો તારીજ મદદ તથા મારી માંગીએ છીંએ, તથા તારાપરજ અમો ઇમાન લાવ્યા છે; તથા તારાપરજ ભરોસો રાખીએ છીએ; તથા તારી અમો ઘણી વખાણુ કરીએ છીંએ; અને તારો ઉપકાર માનીએ છીંએ. તથા તારી નાફરમાની અમો કરતા નથી. તથા અમો ગુનાહ કરનારાઓને અમારા પાસથી દુર કરી, કાઢી નાંખીએ છીંએ. અય અલ્લાહ તારીજ બંદગી અમો કરીએ (છીંએ), તથા તારાજ વાસ્તે નમાઝ પઢીએ (છીંએ) તથા તનેજ સિજદો કરીએ (છીંએ), તથા તારીજ તરફ દોડીએ (છીંએ), તથા તારી તાબેદારી કરીએ (છીંએ); તથા અમો તારી દયાના ઉમેદવાર છીએ; તથા અમો તારા કોપથી ડરીએ છીંએ. બેશક તારો કોપ કાફેરોને મલનાર છે."

૯. અલ્લાહુમ્મા અનતસ્સલામ, વમિનકસ્સલામ, વ ઈલયકા યરજેઉસ્સલામ, ફહૈયેના રબ્બના બિસ્સલામ, વ અદખિલના દારસ્સલામ, તબારકતા રબ્બના, વતઆલયતા યા ઝલ જલાલે વલ ઇકરામ. બે રહમતેકા યા અરહમર રાહેમીન.

"અય' અલ્લાહ તુંજ કાયમ છે, તથા તારીજ સલામતીથી અમને પણ હસ્તી છે; અને તારા તરફથીજ સલામતી છે. (તેથી) અય રબ તું અમને સલામતી સાથે જીંદગી બક્ષ. અમે તારી તારીફ તથા વખાણુ કીધી તથા અમને સલામતીના ઘરમાં દાખલ કર, ઓ દબદબા તથા ઇજતવાલા! તારી રહમતથી, ઓ ઘણી રહેમ કરનારા!"

નમાઝના વખતો.

જાણવું જોઇએ કે નમાઝ દિવસમાં પાંચ વખત પઢવી ફર્ઝ છે. એ શીવાય બીજી પણ કેટલીક પઢવામાં આવે છે જે ફર્ઝ નથી.

૧. પહેલી નમાઝ "ફજર" (સવાર)ની.

ઉપલી નમાઝનો વખત * "સુબ્હ સાદીક"ના શરૂ થયા પછીથી તે સુર્યના ઉગવાના તરત પહેલાં, સુધી છે.

૨. બીજી નમાઝ "ઝોહર" (બપોર)ની.

મધ્યાન્હ પછી, એટલે સુરજ જરા ઢળી જાય ત્યારે. આસરે ૧૨–૩૦થી તે ૩ વાગા સુધી.

૩. ત્રીજી નમાઝ "અસર"ની.

બપોર એટલે "ઝોહર"ની નમાઝનો વખત ગયા પછીથી તે સુર્યના અસ્ત પામ્યા સુધી. આસરે (ટુંકા દીવસોમાં) ૩--૪૫ અને (લાંબા દીવસોમાં:) ૪--૩૦ પછીનો વખત.

૪. ચોથી નમાઝ "મગરિબ"ની.

સુર્યના અસ્ત પામ્યા પછી પાંચ મીનીટ રહી, તે આકાશપર લાલી હોય ત્યાં સુધી.

૫. પાંચમી નમાઝ "ઇશા" (રાત) ની

---

* તે વખત કે જ્યારે ઉગમણી દીશા તરફથી આસમાનનાં કીનારામાં થી સફેદી નીકળી પંચરાય છે; અને ત્યાર પછી અજવાળું થતું જાય છે.

મધરિબનો વખત ગયા પછી, એટલે આકાશપર અંધારૂં થાય ત્યાંથી તે "સુબ્હસાદીક"ના શરૂ (તા) થા અગાઉ.

નમાઝના વિભાગો.

દરેક નમાઝના ભાગો નીચે મુજબ થયલા છે:—

ફર્ઝ:—

તે કે જે કલામે શરીફના કાયદા પ્રમાણે મુકરરર કરેલી છે. અને જે તોડવાથી ગુનાહ લાગુ પડે છે.

સુન્નત:—

તે નમાઝ કે આપણા નબી. સ૦ પઢતા હતા, અને જો કે તે ફર્ઝ તરીકે નથી, તોપણ દરેક મુસલમાનને લાઝીમ છે કે તે પઢે. જે માટે "કલામે પાક" માં કહેવામાં આવ્યું છે:—

"અને તમો તમારા પૈગમ્બરના પગલે ચાલો."

સુન્નતુલ ઘયરૂલ મોઅક્કેદા:—

તે નમાઝ કે જે આપણા નબી. સ૦ પઢતા હતા; પણ કોઇક વખતે પઢયા હતા નહીં.

સુન્નતુલ મોઅક્કેદા:—

તે નમાઝ કે જે આપણા નબી સ૦ હમેશાં પઢતા હતા; અને કોઇ પણ વખતે તે કઝા કીધી હતી નહી.

નફીલ:—

તે નમાઝ કે જેના નહી પઢવાથી કાંઇ ગુનાહ નથી.

વાજીબ:—

લગભગ ફર્ઝના જેમજ.

નમાઝનો કોઠો.

નંબર	અરબી	ગુજરાતી	સુન્નતે ગયર મોઅક્કેદહ	સુન્નતે મોઅક્કેદહ	ફર્ઝ	સુન્નતે મોઅક્કેદહ	નફીલ	વાજીબ
૧	સલાતુલ ફજર	સવારની નમાઝ		૨	૨			
૨	સલાતુલ ઝોહર	બપોરની નમાઝ		૪	૪	૨	૨	
૩	સલાતુલ અસર	પાછલાપોહરની ન	૪		૪			
૪	સલાતુલ મધરિબ	સાંજની નમાઝ			૩	૨	૨	
૫	સલાતુલ ઇશા	રાતની નમાઝ	૪		૪	૨	૨	૩

વઝુ

દરેક વખતની નમાઝ પઢયા અગાઉ વઝુ કરવાની જરૂર છે. જે રીતે "કલામે શરીફ" માં ફરમાવવામાં આવ્યું છે:—

"હે મોમીનો જ્યારે તમે નમાઝ પઢવાને ઉઠો ત્યારે તમારૂં મ્હોં, અને તમારા હાથ કોણી સુધી, ધુઓ, અને તમારા માથાને મસેહ કરો અને તેમજ તમારા બન્ને પગને કાંડા સુધી."

વઝુ કર્યાં અગાઉ તેની નીય્યત કરવી જોઇએ. યાને વઝુ કર વાનો ઇરાદો મનમા રાખે, અથવા મ્હોડેથી તેની નીય્યત કહે. જે નીચે મુજબ છેઃ—

" નવયતોઅન તવદ્દુઅેા બે ઇસબાહતીસ્સલાત વ ર૫ ઇલ હદસ"

" વઝુ કરૂં છું વાસ્તે નમાઝ પઢવા, તથા ખુદાની નજદીક જવા."

વઝુ કરવાની રીત.

૧. વઝુની નીય્યત કરી, બેઉ હાથો પ્હોંચાવેર ત્રણવાર ધોવા.

૨. જમણા હાથે ત્રણ વાર મોઢામાં પાણી નાખી કોગળા કરવાં.

જો મીસવાક હોય તો તેથી દાંત સાફ કરવા, નહી તો જમણા હાથની આંગળીથી દાંતો સાફ કરવા.

૩. ડાબા હાથથી નાકમાં ત્રણવાર પાણી નાખી, સાફ કરવુ.

૪. ત્રણ વાર આખા મ્હોડાને ધોવો. જેમાં કપાલના વાળથી તે હડપચી સુધીની, તથા બેઉ હાથો વચ્ચેની જગ્યા ભીજવવા પામે.

૫. જમણા તથા ડાબા હાથને ત્રણ વાર, આંગળીઓના નખથી કોણી સુધી ધોવા.

૬. માથાનો " મસોહ " કરવો. એટલે પાઘડી અથવા ટોપી ઉતારી, બેઉ હાથો પાણીથી ભીના કરી, કપાલથી તે ગરદનની બોચી વેર ફેરવવા. પછી બેઉ હથેલી પાછી ફેરવી દાઢીને ભીજવવી. પછી બેઉ હાથોની કલમાની આંગળીઓની અણી કાનમાં નાખવી, અને અંગુઠાને

કાન પાછળ રાખવું. પછી આંગળીઓ તથા અંગુઠાઓને ફેરવવું, જેથી જે કાંઇ કચરો હોય તે સાફ થઇ જાય. પછી હથેલીનાં પાછલા ભાગથીગરદન તથા ગળું સાફ કરવાં, અને છેલ્લે બેઉ હાથોને એક બીજાની હથેલીથી કોણી સુધી જટકી સાફ કરવા.

વઝુ કરતાં કલમએ શહાદત પઢયા કરવું; તેની વચ્ચે દુન્યાદારી વાતો કરવી, તથા જરૂરીઆતથી વધારે પાણી વાપરવું એ ઠીક નથી.

ગુસલ.

નમાઝ પઢયા અગાઉ જો નાહવાની જરૂર હોય તો ગુસલ કરે. જે વીશે પોતાના "કલામે શરીફ"માં અલ્લાહ પાક ફરમાવે છે.

"જો તમે જોનોબ હો તો નમાઝ પઢો નહિ, જ્યાં સુધી તમે ગુસલ કરો." ગુસલમાં ત્રણ ફર્ઝ છેઃ—

૧. મોંઢામાં પાણી નાખી કોગળા કરવાં.

૨. નાકમાં પાણી નાંખી સાફ કરવું.

૩. આખા શરીરને ધોવું, એવી રીતે કે કોઇ પણ જગ્યા ખાલી રહી નહી જાય.

તયમ્મુમ.

કલામે પાક ફરમાવે છેઃ—"પણ જો તમે માંદા હો અથવા સફર ઉપર હો અથવા તમારામાંનો કોઇ જાજરૂમાં જઇ આવ્યો હોય, અથવા તમે સ્ત્રી સાથે સંભોગ કર્યો હોય, પછી તમને પાણી ન મલે તો પાક માટીથીતયમ્મુમ કરો; પછી તે તમારા મ્હોં અને હાથ ઉપર મસેહ કરો, ખરેખર ખુદા માફી આપનાર (અને) ક્ષમા કરનાર છે."

તયમ્મુમ કરવાની રીત.

૧. દીલથી " તયમ્મુમ " કરવાનો ઇરાદો રાખે, અથવા મોઢેથી નીચે મુજબ નીય્યત કરે.

નવયતો અન અતયમ્મમો બેઇસબાહતીસ્સાલાત વ રફ ઇલ હદસ.

"તયમ્મુમ કરૂં છું નાપાકી દુર કરવા, તથા ખુદાની નજદીક જવા.'

૨. બેઉ હાથોની હથેલીઓ પાક માટી અથવા જમીનપર મારવી, અને મોઢાપર ફેરવવી. પછી ફરીથી એક વખત બેઉ હથેલીઓ પાક જમીન અથવા માટીપર મારી, બેઉ હાથોની કોણી સુધી ફેરવવી.

" વઝુ " તથા " તયમ્મુમ " તોડવાવાલી ચીજો.

૧. શરીરમાંથી નાપાકીનું નીકળવું જેમકેઃ—

ઝાડો, પેસાબ, લોહી, પરૂ, હવાનું નીકળવું, ઉલટી વગેરે.

૨. ઉંઘી જવાથી. ૩. નીશાથી. ૪. જોરથી હસવાથી.

અઝાં.

દરેક નમાઝ અગાઉ અઝાં (બાંગ) બાંગી મસજીદપર મોટેથી બોલે છે. જેમાં નમાઝના વખતની ચેતવણી આપે છે.

જ્યાં મસજીદ ન હોય, અને જંગલ, રણ, અથવા ખેતરમાં ઇસ્લામીઓ ભેગા થયા હોય, તો તેઓમાંથી એકને ચુંટી કાઢી અઝાં કહેવાડવી જોઇએ. દરેક મસજીદમાં બાંગી ખાસ રાખવામાં આવે છે, જે મીનારાપર ચઢી નીચે મુજબ અઝાં કહે છે; તથા સાંભળનારાઓએ પણ નીચે મુજબ અઝાં સાંભળતાં,

(મનમાં) જવાબો આપવા:—

(૧) **અલ્લાહો અકબર** (અલ્લાહ સઉથી મહોટો છે).

જવાબ:—જલ્લેશાનહુ (તેની કુદરત મોટી છે).

અલ્લાહો અકબર (અલ્લાહ સઉથી મહોટો છે)

જવાબ:—**અલ્લાહો અકબર** (અલ્લાહ સઉથી મહોટો છે)

અલ્લાહો અકબર (અલ્લાહ સઉથી મહોટો છે)

જવાબ:—અલ્લાહો અકબર (અલ્લાહ સઉથી મ્હોટો છે)

અલ્લાહો **અકબર** (અલ્લાહ સઉથી મહોટો છે)

જવાબ:—અલ્લાહો અકબર (અલ્લાહ સઉથી મહોટો છે)

૨. **અશહદો અંલ્લાઈલાહા ઇલ્લલ્લાહ** (બે વાર)

(ગવાહી આપું છું કે અલ્લાહ સીવાય બીજો કોઇ ખુદા નથી)

જવાબ:—અશહદો અંલ્લાઈલાહા ઇલ્લલ્લાહ

૩ **અશહદો અન્ન મોહમ્મદર રસુલુલ્લાહ** (બે વાર)

(ગવાહી આપુ છું કે મોહમ્મદ તેના મોકલેલા રસુલ છે)

જવાબ:—અશહદો અન્ન **મોહમ્મદર** રસુલુલ્લાહ)

હૈય્ય અલસ્સલાહ (બે વાર મોઢુ જમણી બાજુ કરી)

૪. (નમાઝ પઢવા આવો તમે).

જવાબ: –

લાહવલવલા કુવ્વતા ઇલ્લાહ બીલ્લાહિલ અલીઇલ અઝીમ

(નથી તાકત અમારામાં ગુનાહોંથી ફરવાની, તથા નથી કુવ્વત ભલા કામો કરવાની, પણ સાથ અલ્લાહના જે સાહેબ તાકત તથા કુવ્વત વાલો છે.)

૫. **હૈય્ય અલલ ફલાહ** (બે વાર મોઢું ડાબી બાજુ કરી)

" આવો તમે તમારી ઇચ્છા માટે તન અને જાનથી. "

જવાબ:—૪નો જવાબ પાછો કહેવો.

૬. * અસ્સલાતો ખયરૂમ મીનન્નોમ (નમાઝ ઉંઘથી ઉત્તમ છે)

જવાબ:—

સદ્દકતા વબર્રતા (સાચો છે તું; તથા તેં સારૂં કહ્યું છે.)

૭. અલ્લાહો અકબર (બે વાર)

જવાબ:— „ „

૮. લાઇલાહા ઇલ્લલ્લાહ (નથી બીજો કોઇ ખુદા, સીવાય તે)

જવાબ:— „ „

પછી અઝાં ખતમ થયા બાદ સાંભળનારે નીચલી દુવા હાથ ઉંચ કરી પડવું:

અલ્લાહુમ્મા રબ્બ હાઝેહીદ દાઅવતીત તામ્મતે વસ્સલાતીલ કાએમતે, આતે મોહમ્મદનીલ વસીલતા, વલ-ફ્ઝીલતા, વદ્દરજતર રફીઅતા, વબઅસહો, મકામમ મહમુ-દનીલ લઝી, વ અત્તહુ, વરઝુકના, શફાઅતહુ, યવમલ કિયા-મતે ઇન્નકા લા તુખલેફુલ મીઆદ. બે રહમતેકાયા અરહમર રાહેમીન.

"ખુદા બધાની જમાતના (આમંત્રણ અથવા ઇજન) વાસ્તે, અને આ કાયમ નમાઝ માટે, અમારા પૈગંબર મોહમ્મદને, જે અમારો વસીલો છે, મોટી પદવી અને જે ઉંચી વખણાયલી જગ્યા વીષે અ-મારા પૈગંબરને વાયદો આપ્યો છે (તે પણ આપ) અને કિયામતને દહાડે અમોને તેની શફાઅત અપાવજે; કારણ ખરેખર તું તારા વાયદાથી ફરનાર નથી. "

---

* આ ફકત સવારનાજ વખતે પડવામાં આવે છે.

એકામત.

અઝાં કહી રહ્યા પછી બાંગી "એકામત" એટલે તકબીર ફુટા હા થે કહે છે. જે બોલવું પુરૂષોપર સુન્નત છે. સ્ત્રીઓપર નહિ. એકામત બરોબર અઝાં જેમજ છે પણ બીજીવારના "હય્ય અલલ ફ્લાહ" પછી નીચલા બોલો ઉમેરવામાં આવે છે:—

કદ કામતીસ સલાહ (બેવાર)
(નમાઝ હવે તૈયાર છે.)
નમાઝ પઢયા અગાઉ નીચલી ચીજો વિષે ધ્યાન રાખવું જોઇએ:—
(૧) શરીરની સ્વચ્છતા
(૨) પહેરવાસની સફાઇ
(૩) નમાઝની જગ્યાની સફાઇ
(૪) શરીરનો ઉગાડો ભાગ ઢાંકી નાખવો.
(૫) વખતસર નમાઝ પઢવી.
(૬) કાબા તરફ મોઢું કરવું.
(૭) નિય્યત કરવી, ફર્ઝ, સુન્નત વગેરેની.

બે રકાત નમાઝની રીત.

અય મોમેનો જ્યારે માણુસ નમાઝ પઢવા ઉભો રહે ત્યારે પોતાના મનના બધા વિચારો દૂર કરે, ને સમજે કે તે ખુદાને જોઇ નથી શકતો, પણ ખુદા તેને જુએ છે. જે વિષે રસુલે ખુદા સ. એ ફરમાવ્યુ છે:—

" તું તે અલ્લાહની ઇબાદત કર એવી રીતે કે તું તેને જુએ છે; પણ જો તું તેને જોઇ ન શકે, તો એમ સમજ કે તેતને જુએ છે."

નમાઝની જગ્યાએ ઉભા રહી, શરૂઆતમાં પઢે:—

ઇન્ની વજજાહતો વજહેયા લીલ્લઝી, ફ–ત–રસ સમાવ

તે, વલઅદો હુનીફૂાં, વમાઅના મિનલ મુશરેકીન.

" ખરેખર મેં મારૂં મોઢું તેની તરફ ફેરવ્યું છે, જેણે આસમાન તથા જમીન પેદા કીધાં છે; (મારૂં મોઢુ) ખરા દિલથી ફેરવ્યું છે, તથા હું કાફેરોમાનો નથી. "

પછી નીય્યત કરે નમાઝની, એટલે કયા વખતની, તથા કેટલી રકાતો, સુન્નત અથવા ફર્ઝ, વગેરે પઢે તેની ધારણા દિલમાં કરે; અથવા મોઢેથી તેની નીય્યત કરે. * પછી બેઉ હાથના અંગુઠા કાનન-નીચલા ભાગને લગાડી તકબીરે તાહરીમાં કહે,

અલ્લાહો અકબર (અલ્લાહ સઉથી મહોટો છે),

પછી પુરૂષ જમણો હાથ ડાબા હાથપર ડુટી (નાફ)ની *નીચે રાખે. અને નજર સિજદાની જગ્યાએ રાખી, મનમાં પઢે:—

સુબ્હાન કલ્લાહુમ્મા, વબેહમદેકા, વતબાર કસમોકા, વતઆલા જદ્દોકા, વલાઇલાહા ઘયરોકા.

" સાથ પાકીના યાદ કરૂં છું તને, ઓ અલ્લાહ! તથા સાથ તારીફ તારી. જે ઘણી બરકતવાલો છે. તારૂં નામ તથા મરતબો ઘણો ઊંચો છે, તથા નથી બીજો કોઇ બંદગીને લાયક તારા સિવાય. "

પછી પઢે

" અઉઝો બીલ્લાહે મીનશ શયતા નીર રજીમ "

" હું પનાહ માંગુ છું ઓ અલ્લાહ તારી પાસેથી, શેતાન હાંકી કાઢેલાથી. "

" બિસમીલ્લાહ હીરરહમા નીરરહીમ. "

"શરૂં કરૂં છું સાથ અલ્લાહના નામથી, જે મોટો મહેરબાન છે. (તથા) દયાવાળો."

---

*જો સ્ત્રી હોય તો ખભાં સુધી હાથો ઉંચા કરી તકબીરે તાહરીમાં કહે. સ્ત્રીએ છાતીપર હાથો બાંધવા.

પછી એકવાર " સુરે ફાતેહા" નંબર ૧ વાલી પઢે, તથા તેની સાથે કલામે શરીફની કોઇ પણ સુરા મેલવી પઢે જેમ કે નંબર ૨ અથવા ૩ વાલી સુરા. સુરા પઢવામાં એટલું ધ્યાનમાં રાખવું, કે કલામે શરીફની ચઢતી સુરાઓ પઢવી. ઉપલો નિયમ બધી નમાઝોમાં રાખવો.

(પછી રૂકુઅતમાં તકબીર પઢતાં જાય)

રૂકુઅ

તકબીર પઢતાં નમાઝીએ પોતાના બેઉ હાથો ગુઢણપર વાંકા વાળી ટેકવા અને નજર પગો તરફ રાખી, ત્રણ, પાંચ, અથવા સાતવાર પઢે:—

સુબહાન રબ્બેયલઅઝીમ

" પાક છે મારો રબ જે અતી બળવાન છે "

(નીચલી સુરા પઢતો ઉભો થાય)

સમે અલ્લાહો લેમન હમેદાહ.

"ખુદાએ સાંભળ્યું છે જેણે તેની તારીફ કીધી છે."

[પછી બેઉ હાથો છુટા કરી, ટટાર ઉભો રહે ને પઢે]

રબ્બના લકલ હમ્દ.

"વખાણ ખાસ તારાજ છે, અમારા ખુદા."

સિજદા.

જમીનપર બેઉ ગુંઠણો રાખી, કપાલ તથા બેઉ હથેલીઓ જમીનપર ટેકે, જેમાં પહેલાં નાકને જમીન સાથે લગાવે; તથા પેટ જાંગથી, હાથની બાજુઓ અંગથી, તથા હાથની કોણીઓ જમીનથી, જુદા *રાખે. પછી ત્રણ, પાંચ, અથવા સાત વાર પઢે:—

સુબ્હા ન રબ્બેયલ આઅલા.

" પવિત્ર છે મારો રબ, જે સૌથી મોટા દરજ્જાવાલો છે. "

---

* આ જાતીએ, એ બધી ચીજો સાથે રાખવી.

પછી "**અલ્લાહો અકબર**" કહેતાં સિજદામાંથી ઉઠી સીધો બેશે. જેમાં પુરૂષ જમણા પગનું તળ્યું ઉભું રાખે, અને ડાબા પગના તળ્યાને સુવાડી તે પર *બેશે. અને બેઉ હાથો જાંગપર રાખે. તથા હાથ અને પગની આંગળીઓ કિબલાની તરફ રાખે અને "**અલ્લાહો અકબર**" કહી બીજો સિજદો બરોબર પહેલાં સિજદાના માફક કરે. તથા તે પછી "**અલ્લાહો અકબર**" કહેતાં, સિજદામાંથી બેસ્યા વગર સીધો ઉભો થાય. જેની અંદર પહેલાં માથું ઉપાડે, પછી બેઉ હાથો, અને છેલ્લે બેઉ ગુઠણો. એવી રીતે એક રકાત પુરી થઇ.

હવે બીજી રકાતમાં, એટલે બીજા સિજદામાંથી ઉઠયા પછી, (પહેલી રકાત માફક) હાથ બાંધી ઉભો રહે અને ફકત "**બિસમિલ્લાહીર રહમા નીર રહીમ**" પઢી તે પાછળ "**સુરે ફાતેહા**" તથા કલામે શરીફની એક સુરા (પહેલી રકાત મુજબ) પઢે અને "રૂકુઅ", સિજદો વગેરે જેવી રીતે પહેલી રકાતમાં અદા કીધાં, તેવીજ રીતે આ બીજી રકાતમાં પણ કરે; પણ છેલ્લે, એટલે બીજા સિજદા પછી "**અલ્લાહો અકબર**" કહેતાં ઉભો થાય નહી; પણ બેશી રહે, (જેવી રીતે પહેલાં સિજદામાં બેશવામાં આવે છે તેમ). પછી નજર મુસલ્લા તરફ રાખી નંબર, ૪, ૫, ૬, અને ૭ વાળી દુવાઓ પઢે.

પછી જમણી તરફ પોતાનું મોઢું ફેરવે; એવી રીતે કે પોતાનો ખભો જોઇ શકે, અને કહે:—

અસ્સલામો અલૈકુમ વરહમતુલ્લાહ. "સલામ તમારાપર, તથા રહમત અલ્લાહની." પછી ડાબી બાજુ ઉપર મુજબ મોઢું ફેરવે, અને ઉપર મુજબ પઢે.

મુનાજાત

છેલ્લે બેઉ હાથ ખભા સુધી ઉંચા કરે ને નંબર ૯ વાલી દુઆ પઢે.

---

*જેમાં સ્ત્રી જાતી બેઉ પગો જમણી તરફ કાઢે અને ડાબી બાજુથી જમીનપર બેશે.

ચાર રકાત.

જો ચાર રકાત પઢતો હોય તો બે રકાત પછી નંબર ૪ વાલી દુઆ પઢી ઉભો થાય અને બીજી બે રકાતો પહેલાની માફક છેલ્લે સુધી પુરી કરે.

ત્રણ રકાત ફર્ઝ.

જો ત્રણ રકાત ફર્ઝ પઢતો હોય તો ચાર રકાતના માફક બે રકાત પછી (નંબર ૪વાલી દુઆ પઢી) ઉભો થાય અને એકજ રકાત છેલ્લે સુધી પુરી કરે. તથા ત્રીજી રકાતમાં ફકત "સુરે ફાતેહા"જ પઢે, તથા તેની સાથે કોઇ સુરા મેલવી પઢે નહીં.

ચાર રકાત ફર્ઝ.

જો ચાર રકાત ફર્ઝ પઢતો હોય, તો તેમાં છેલી બેઉ રકાતોમાં ફક્ત (ત્રણ રકાત ફર્ઝ માફક) "સુરે ફાતેહા" જ પઢે.

વિતર વાજીબ.

ત્રણ રકાત વિતર ફકત "ઇશા"ની નમાઝમાં છેલ્લે પઢવામાં આવે છે, જે ઉપર મુજબ ત્રણ રકાત પઢે; પણ છેલ્લી એટલે ત્રીજી રકાતમાં "**સુરે ફાતેહા**" તથા કલામે શરીફની એક સુરા પઢયા બાદ, તેવીજ હાલતમાં, એટલે ઉભો રહી, બેઉ હાથના અંગુઠા કાને લગાડી કહે,

અલ્લાહો અકબર.

પછી પાછા હાથો બાંધે. અને નંબર ૮ વાલી દુઆ પઢે. તથા તે રકાત પછી પઢી પુરી કરે.

જમાત સાથની નમાઝ.

જાણવું જોઇએ કે ઉપલી પાંચ વખતની નમાઝ માણુસ એકલો નમાઝ પઢતો હોય ત્યારે તે ઉપર મુજબ પઢી શકે છે. પણ જો

પોતે " મુકતદી" યાને ઈમામની પાછળ ઉભો રહી નમાઝ પઢતો હોય, તો નીચલી રીત ધ્યાનમાં રાખે:—

દરેક મુસલમાનને લાઝીમ છે કે તેણે પાંચો વખતની નમાઝ મસજીદમાં જમાત સાથે અદા કરવી. જે ઘણે દરજ્જે વધારે સવાબકારક છે.

જેમાં ઇમામ પાછળ ઉભા રહી ઇમામના "**અલ્લાહો અકબર**" કહી રહ્યા પછી પોતે પણ "**અલ્લાહો અકબર**" કહે. પછી "**સુબ્હાન કલ્લા હુમ્મા**" વગેરે આખો મનમાં પઢે; પણ "**અઉઝ**" તથા "**બીસમીલ્લાહ**" પઢે નહી. તથા તે પછી કાંઇ પણ પઢે નહી; પણ ઇમામ પાછળ હાથ બાંધી મુંગો ઉભો રહે. અને બાકી બધી ચીજો, જેમકે રૂકુ, સિજદો, અત્તહેયાત વગેરે, જે પોતે એકલો હોય ત્યારે પઢે છે, તે પઢે. ઇમામના આગળ કોઇ પણ બાબતમાં થવા ઉતાવલ કરે નહી.

જો નમાઝી એકલો નમાઝ પઢતો હોય, તો તેમાં "અઝાં" નહી કહે પણ "એકામત" કહી શકે છે. તેમજ સવાર, મધરીબ, તથા ઇશાની ફર્ઝની પહેલી બે રકાતોમાં "**સુરે ફાતેહા**" તથા કલામે શરીફની એક સુરા (ઇમામના જેમ) મોટેથી પઢે તો વધારે સવાબકારક છે.

જુમાની નમાઝ.

કલામે શરીફ ફરમાવે છે, " હે મોમેનો, જ્યારે જુમાના દીવસની નમાઝ માટે પોકારવામાં આવે છે, ત્યારે તમે ખુદાને યાદ કરવા (નમાઝ) તરફ ઉતાવળથી દોડો, અને વેપાર છોડી દો; આ તમારે માટે વધારે સારૂં છે, જો તમે જાણતા હો.

પછી જ્યારે નમાઝ પુરી થાય છે, ત્યારે તમે જમીન ઉપર વિખરાઇ જાઓ, અને ખુદાની બક્ષીશ (રોજી) મેળવવા યત્ન કરો, અને ઘણીવાર ખુદાને યાદ કરો, કદાચ તમે રસ્તગારી મેળવો.

અને જ્યારે તેઓ વેપાર, અથવા કાંઇ નકામુ કામ જુએ છે, ત્યારે તેઓ વિખરાઇ જઇ તેના તરફ જાય છે, અને તને (હે મોહમ્મદ) ઉભો રાખીને જતાં રહે છે. કહે જે ખુદા પાસે છે તે રમત અને વેપાર કરતાં વધારે સારૂં છે, અને ખુદા ઉત્તમ રોજી આપનાર છે."

જુમાના દિવસે ગુસલ કરવું તથા મસજીદમાં નમાઝ પઢવા જવું. અને ત્યાં પહેલ વહેલાં ચાર રકાત સુન્નત કબલલ જુમાની એકલા પઢવું.

જ્યારે ખતીબ ખુતબો પઢવા શરૂ કરે, ત્યારે તે વખતે કોઇ પણ નમાઝ પઢવી નહી; પણ ખુતબો પહેલેથી તે છેલ્લે સુધી (બીજાઓ સાથે વાતચીત કર્યા વગર) ધ્યાન રાખી સાંભળવો, ને ખુતબો ખલાસ થયા પછી, ઇમામ પાછળ બે રકાત જુમાની ફર્ઝ પઢવી. પછી એકલા રહી ચાર સુન્નત બઅદલ જુમાની, બે સુન્નત, તથા બે નફીલ પઢવું.

ઇદની નમાઝ.

ઇદના દિવસે મસજીદમાં પાક સાફ થઇ નમાઝ પઢવા જવું. તથા ઇમામ પાછળ નમાઝ પઢવા ઉભા રહેવું. જેમાં પહેલી રકાતમાં "તકબીરે તહરીમા" પછી હાથો બાંધી સુબ્હાન કલ્લા હુમ્મા (ઇત્યાદી) આ રતે પઢવી. પછી ત્રણ વાર કાન સુધી હાથો ઉંચા કરી "અલ્લાહો અકબર" કહેવું, તથા તે કહેતાં હાથો બાંધવા નહી પણ ખુલ્લા રાખવા. પછી ચોથી તકબીર પછી હાથો બાંધી ઇમામ પાછળ ઉભા રહેવું.

બીજી રકાતમાં ઇમામના "સુરે ફાતેહા" તથા એક બીજી સુરા પઢી રહ્યા પછી, ત્રણ વાર પહેલાંની માફક " અલ્લાહો અકબર" કહવું, અને ત્યાર પછી ઇમામ પાછળ નમાઝનો બાકીનો ભાગ પુરો કરવો તે પછી ખુતબો સાંભળવો.

બેઉ ઇદની નમાઝો ઉપર મુજબ છે.

તમામ.

ગુલશન માસિકના દર માસના અંકોમાં આવેલી બાબતનું સાંકળિયું.

સપ્ટેંબર ૧૯૦૧

અક્ટોબર ૧૯૦૧

નવેંબર ૧૯૦૧

ડીસેંબર ૧૯૦૧

ઇમાનના મોતી પુસ્તક વિષે પ્રસિધ્ધ વિદ્વાનોના મતનો સાર.

ખેડા જીલ્લાના ડે. એ. ઈન્સ્પેકટર ખાનસાહેબ કરમઅલી રહીમ નાનજીઆણી બી. એ., જણાવે છે કેઃ—"વહાલામાં વહાલું અને હરઘડી યાદ કરવા લાયક **સાચા સાંઈનું** નામ અનેક રંગ તથા ખુબીઓ સાથે એમણે વાંચનાર સમક્ષ રજુ કર્યું છે, તે સૌને પ્રિય (હર દિલ અઝીઝ) થવુંજ જોઇએ. આ તરજુમો કંઇ શબ્દે શબ્દ કે વાકયે વાકય ગુજરાતીમાં ઉતારી લેઇ કર્યો નથી પણ અસલ પુસ્તકનો ખરો ભાવ સમજી લેઇ, ઇમાનદાર મુસલમાનને છાજે તેવી લાગણીથી પોતાનોજ જાણે મૂળ વિષય હોય તેવી રીતે કર્યો છે અને તે માટે એમને માન ઘટે છે. વળી પ્રાકૃત ભાષામાં દુહા ઉમેરી અસરમાં વધારો કર્યો છે."

કચ્છના પ્રસિધ્ધ તત્વવેત્તા અને આસિસટંટ રેવેન્યુ કમિશનર શેઠ સચેદીનાભાઈ નાનજીઆણી લખે છે કેઃ--"કિતાબનું પુઠું અને સોનેરી એમબોઇઝ મનને આકર્ષણ કરે એવાં છે. કાગળ સફાઇદાર અને ટાઇપ ઉંચા છે, સર એડવીન આરનોલ્ડની તસવીર શોભામાં વધારો કરે છે. ભાષા શુધ્ધ ગુજરાતી લખેલી છે. **એ કિતાબ સાચા મોતીઓની એક માળા છે,** જેમાં મોતીના મણકા નવાણું અલ્લાહના નામો છે. આ માળા ફેરવ્યાથી અલ્લાહનાં સુંદર નામોનું સ્મર્ણ થાતાં ફાયદો હાંસલ થયા વિના રહેશે નહિં. કલામે શરીફના આધાર આપી એ કિતાબ રચી છે માટે એ કીમતી કિતાબ માનને પાત્ર છે."

"અખબારે સોદાગર" માં જાણીતા રમુજી લખનાર 'ચાબુક બાવા' લખે છે કેઃ—"ઉપલા નામનું બહુ બપકાદાર પુસ્તક તેના બાહેરના દેખાવમાં જેટલું દીલકશ છે, તેટલુંજ અંદરના ગાભામાં અતિ અમુલ્ય શણગાર ધરાવે છે. એમનું લખાણ વાંચતાં એક જાતની મજાહ મળે છે. નીતીને ચાહનારા, ખુદાને માન આપનારા તેના પાક નામની અંતઃકરણથી પરસતેશ કરનારા અને પોતાના બાળકોને ખરી ખુદાઇ રાહ શીખવવાની ઉમેદ રાખનારા કુટુંબના વડાઓને રૂપીઆ બેની નજીવી કીંમતમાં વેચાતા મી૦ શીવજીએ જાહેર મુકેલાં આ "ઇમાનનાં મોતી" ખાસ ખસુસ ખરીદવાની ચાબુકબાવા ભલામણ કરે છે."

ઇમાનનાં મોતી

અલ્લાહના નવ્વાણું નામો

આ પુસ્તકમાં અલ્લાહના નવ્વાણું યાને ૯૯ નામોનાં સમજણ ભેદ અને ખુબી બતાવવામાં આવ્યાં છે. અસલ પુસ્તક અંગ્રેજીમાં રચનાર સર એડવીન આરનૉલ્ડને આ રચવા માટે તુરકીના ના. સુલતાને "ઓસમાનિએહ" અને "મસજીદિએહના" અને ઇરાનના ના. શાહે "શેર અને શમ્સ" ના હીરા જડીત ચાંદ એનાયત કર્યાં છે. પહેલાં અલ્લાહ પાકનું એકેક નામ અરબ્બી અક્ષરોમાં લખી નીચે તેને ગુજરાતીમાં લખી, તેની માએના તથા અર્થ તેની નીચે આપી, અલ્લાહના નામના ગુણોને બંધ બેસતો, અને પૂરેપૂરી સમજણ આપનાર ઇતિહાસિક ખરી વાર્તાનો અથવા કુરાને શરીફ અને હદીસ શરીફનો દાખલો આપી નીચે હિંદી ઝબાનમાં કવિતા અર્થ સાથે આપવામાં આવી છે. વિલાયતથી ખાસ મંગાવેલા સોનેરી નામ સાથના કપડાના ઉંચા પુઠાં, ઉત્તમ કાગળો અને નિર્ણય સાગર પ્રેસની સુંદર છપાઇનો આ ૩૨૦ પાનાનો ગ્રંથ બન્યો છે. વધુ સમજણ માટે લંબાણ સાંકળિયા સાથની સોળ પાનાની મજા વગેરેની ચોપડી મફત એક કાર્ડ ઉપર નામ ઠામ લખી મંગાવો.

ઉપલું પુસ્તક હાજી મહમદ અલારખિયા શિવજી પાસેથી મલબાર હીલ પોસ્ટ નં. ૧૧ પેડર રોડ મુંબઇ એ સરનામે લખી મંગાવેથી મળશે.